ક્રમાંક:એસએજી/ખેમકું-૧૯/૨૦૧૯-૨૦
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં ૧૪/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા.૩૧/૦૭/૨૦૧૯

વિષય :- ખેલ મહાકુંભ-૨૦૧૯ આયોજન-સંચાલન અંગે

વંચાણે લીધા:-

(૧) આ કચેરીના તા.૨૩/૦૭/૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક:-એસએજી/ખેમકું-૧૮/૨૦૧૮-૧૯
(૨) આ કચેરીના તા.૦૧/૦૮/૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક:-એસએજી/ખેમકું-૧૮/૨૦૧૮-૧૯
(૩) આ કચેરીના તા.૧૭/૦૯/૨૦૧૮ના સુધારા પરિપત્ર ક્રમાંક:-એસએજી/ખેમકું-૧૮/૨૦૧૮-૧૯
(૪) આ કચેરીના તા.૧૯/૦૯/૨૦૧૮ના સુધારો ક્રમાંક:-એસએજી/ખેમકું-૧૮/૨૦૧૮-૧૯

## પરિપત્ર :-

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ગત વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભ-૨૦૧૯નું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા અને રાજયકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં વિવિધ રમતો સાથે SGFI રમતોના નિયમો, ખેલાડીઓની પસંદગી, રોકડ પુરસ્કાર, નાણાંકિય બાબતો, રજિસ્ટ્રેશન, આયોજન-સંચાલન, ટેકનીકલ ઓફીસીયલ્સ, માનદવેતન વિગેરે બાબતો અને કામગીરી માટેની વિસ્તૃત સુચનાઓ ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૧ થી ૪ મુજબની સુચનાઓ નીચેના ફેરફારને આધિન યથાવત રહેશે.

આ વર્ષે ખેલ મહાકુંભ-૨૦૧૯માં નીચે મુજબના ફેરફારો અને સુચનાઓ મુજબ કામગીરી કરવાની રહેશે.

### (૧) ફેરફાર:-

૧. નવી રમતોનો સમાવેશ

(ક) રોલબોલ (ભાઈઓ/બહેનો) :-

- સીધી રાજયકક્ષાએ સ્પર્ધાઓ યોજવાની રહેશે.
- અં-૧૪ અને અં-૧૭ ની વયજુથમાં યોજવાની રહેશે.
- આ સ્પર્ધાના આયોજન અંગે સરકારશ્રી માન્ય એસોસીએશન સાથે પરામર્શ કરી વિગતવાર આયોજન કરવાનું રહેશે.

(ખ) સ્કેટીંગ :-

- અંડર-૧૧ વયજુથમાં જિલ્લાકક્ષાએ સમાવેશ કરવાનો રહેશે.
- રોડ રેસ સીધી રાજયકક્ષાએ યોજવાની રહેશે.



Scanned by CamScanner

- જિલ્લાકક્ષાએ ક્વોડ અને ઈનલાઈનની સ્પર્ધા યોજવાની રહેશે. અને તે બંન્ને સ્પર્ધામાંથી ૩ ખેલાડી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.
- જિલ્લાકક્ષા અને રાજયકક્ષાએ ક્વોડ અથવા ઈનલાઈન બેમાંથી ગમેતે એક ઈવેન્ટમાં ભાગ લઈ શકાશે.

(ગ) આર્ટીસ્ટીક સ્કેટીંગ :-

- અં-૧૪ વયજુથમાં સીધી રાજયકક્ષાએ યોજવાની રહેશે.
- ઓપન એજ ગૃપની રમતો રાબેતા મુજબ રહેશે.

(ઘ) ઘોડેસવારી (ભાઈઓ) :-

- સીધી રાજયકક્ષાએ માત્ર ભાઈઓની સ્પર્ધાઓ યોજવાની રહેશે.
- ઓપન એજ ગૃપ(૧૭ વર્ષથી ઉપર અને ૪૦ વર્ષથી નીચે)ની વયજુથમાં યોજવાની રહેશે.
- આ સ્પર્ધાના આયોજન અંગે સરકારશ્રી માન્ય એસોસીએશન સાથે પરામર્શ કરી વિગતવાર આયોજન કરવાનું રહેશે.
- આ સ્પર્ધા માટે ઘોડા પરિવહન, સ્પર્ધાના સ્થળે નિવાસ, નિભાવ વગેરેનો ખર્ચ ઘોડાના માલિક/એસોસીએશને ભોગવવાનો રહેશે.

(ચ) બ્રીજ :

- સીધી રાજ્યકક્ષાએથી શરૂ કરવાની રહેશે
- સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીએ સ્પર્ધાના સ્થળે પોતાની રીતે આવવાનું રહેશે.
- સ્પર્ધાની સુવિધા માટે અને ટેકનિકલ સ્ટાફ એસોસીએશનએ નિયમ અનુસાર સ્પોર્ટસ ઓથોરીટી ઓગ ગુજરાતનાં પરામર્શમાં રહીને વ્યવસ્થા કરવાની રહેશે.

૨. ગત વર્ષે દરેક શાળાને શાળા દ્વારા થયેલ ખેલાડીઓના રજિસ્ટ્રેશન દીઠ રૂ.૧/- અને પાર્ટીશીપેશન દીઠ રૂ.૨/- એમ કુલ રૂ.૩/- પ્રોત્સાહક માનદ વેતન (Incentive) તરીકે આપવાની જોગવાઈ આ વર્ષે રદ કરવામાં આવે છે.

૩. શાળાના ભણતા વિધાર્થીઓનું ૧૦૦% રજિસ્ટ્રેશન અને પાર્ટીશીપેશન થાય તો તે શાળાના વ્યાયામ શિક્ષકને પ્રોત્સાહક માનદ વેતન તરીકે (Incentive) રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરાં) આપવાના રહેશે.

૪. શ્રેષ્ઠ જિલ્લાઓની પસંદગી

(ક) ગત વર્ષે ગોલ્ડ મેડલને આધારે ૪૧ એકમોમાંથી ૩ શ્રેષ્ઠ જિલ્લાઓની પસંદગી કરવામાં આવતી હતી. પરંતુ ચાલુ વર્ષે ગોલ્ડ મેડલને આધારે ૩૩ જિલ્લાઓમાં ૩ શ્રેષ્ઠ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાંથી ૩ શ્રેષ્ઠ મહાનગરપાલિકાઓ એમ કુલ ૬ શ્રેષ્ઠ જિલ્લાઓની પસંદગી કરવાની રહેશે. અને અનુક્રમે ચેમ્પિયનશીપ, રનર્સ અને સેકન્ડ રનર્સ અપને ટ્રોફી થી સન્માનિત કરવાનાં રહેશે.

૫. ઓપન એજ ગૃપ (૧૭ થી ઉપર અને ૪૦ વર્ષ સુધીના), ૪૦ વર્ષથી ૬૦ વર્ષ સુધી અને ૬૦ વર્ષથી ઉંપરના વયજુથના ખેલાડીઓને અંડર-૧૪ વયજુથ પ્રમાણે રોકડ પુરસ્કાર ચુકવવાનો રહેશે.

Scanned by CamScanner

૧૦. શક્તિદૂત યોજના

(ક) શક્તિદૂત યોજનાનાં ખેલાડીઓએ ખેલ મહાકુંભમાં રાજયકક્ષાની સ્પર્ધામાં ફરજીયાત ભાગ લેવાનો રહેશે.

(ખ) ખેલ મહાકુંભ-૨૦૧૯માં શક્તિદૂત યોજનાના વર્ષ ૨૦૧૯-૨૦ના લાભાર્થી ખેલાડીઓને પોતાની વ્યક્તિગત રમતમાં મેળવેલ સિધ્ધિ ધ્યાનમાં લઈ રજિસ્ટ્રેશન કરાવેલ હોય તો જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ન હોય તો પણ સીધા રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રવેશ આપી શકાશે. શક્તિદૂત યોજનાના ૨૦૧૮-૧૯ના ખેલાડીઓને જે લાગુ પાડી શકાશે.

(ગ) શક્તિદૂતના ખેલાડીઓની ઉપસ્થિતિ અંગે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતને અગાઉથી જાણ કરવાની રહેશે.

૧૧. અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં સ્પર્ધકોની સંખ્યા અને આયોજન-સંચાલનનો વ્યાપ વગેરે બાબતો ધ્યાને લેતાં કબડ્ડી, વોલીબોલ, ખો-ખો, ચેસ, રસ્સાખેંચ, એથ્લેટીક્સની સ્પર્ધાઓ વોર્ડકક્ષાએથી યોજવાની રહેશે.

## (૨) સ્પર્ધાના સામાન્ય નિયમો :-

૧. ટીમ રમતમાં માત્ર એક અને એક જ શાળાના વિદ્યાર્થીઓની હોવી જોઈએ. જેના આચાર્ય અને શાળાનો કોડ નંબર એક હોવો જોઈએ અને બોનાફાઈડ વિદ્યાર્થીઓ હોવા જોઈએ.

૨. ૭ રમતોની ટીમ રમતો પૈકી પ્રથમ વિજેતા ટીમે જ ફરજીયાત રીતે રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

૩. પ્રથમ વિજેતા ટીમ રાજયકક્ષાએ ભાગ લેવા ન જાય તો અન્ય કોઈ ટીમને રાજયકક્ષાએ મોકલી શકાશે નહી.

૪. પ્રથમ ક્રમની વિજેતા ટીમ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે તો જ જિલ્લાકક્ષાના રોકડ પુરસ્કાર મળવાપાત્ર રહેશે.

૫. પ્રથમ વિજેતા ટીમના ખેલાડીઓની પસંદગીની ટીમમાં સમાવેશ કરવાનો નથી.

૬. ટીમ ઈવેન્ટમાં રોજની મહત્તમ ૩ મેચ રમાડવાની રહેશે.

૧૫. ખેલમહાકુંભ અંતર્ગત વિવિધ વયજુથના ખેલાડી નીચેની વિગતે વયજુથમાં ભાગ લઈ શકશે.

(ક) અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭ વયજુથના ખેલાડી તેનાથી ઉપરની વયજુથમાં ભાગ લઈ શકશે. (કોઈ પણ એક જ વયજુથ)

(ખ) ૧૭ વર્ષથી ઉપરની વયજુથના ખેલાડીઓ પોતાની વયજુથમાં જ ભાગ લઈ શકશે.

(ગ) ૪૦ વર્ષથી ઉપરની વયજુથના ખેલાડીઓ માત્ર તેમની વયજુથમાં ભાગ લઈ શકશે.

(ઘ) ૬૦ વર્ષથી ઉપરની વયજુથના ખેલાડીએ પોતાના વયજુથ અથવા ૪૦ વર્ષથી ઉપરની વયજુથની રમતોમાં ભાગ પણ લઈ શકશે. (કોઈ પણ એક જ વયજુથ)

Scanned by CamScanner

૬. શ્રેષ્ઠ શાળાઓ રાજયકક્ષા –

ડીસ્ટ્રીક લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) ને અલગ શ્રેષ્ઠ શાળાઓ તરીકે ન ગણતા સામાન્ય શાળા તરીકે જ શ્રેષ્ઠ શાળા ગણવાની રહેશે.

૭. ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન :- (પ્રતિભા શોધ)

(ક) ખેલ મહાકુંભ-૨૦૧૯ની રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓમાંથી "ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન" ની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(ખ) ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાંથી જ DLSS શાળાના ખેલાડીઓનું ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કરવાનું રહેશે.

(ગ) ટેલેન્ટ આઈડેન્ટીફીકેશનના ખેલાડીઓની પસંદગી કરવા માટે નીચે મુજબની સમિતિ રહેશે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારી | અધ્યક્ષ |
| ૨ | સિનિયર કોચ | સભ્ય સચિવ |
| ૩ | જેતે રમતના હેડ કોચ/નોડલ ઓફીસર | સભ્ય |
| ૪ | જે તે રમતના કોચ | સભ્ય |
| ૫ | જિલ્લા રમતગમત અધિકારી | સભ્ય |

(ઘ) ઉપરોકત સમિતિ દ્વારા ખેલાડીઓની યાદી તૈયાર કરી ડીસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) શાખા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરને ઓનલાઈન મોકલી આપવાની રહેશે.

૮. સમયપત્રક

સમય પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | કાર્યક્રમની વિગત | તારીખ (સંભવિત) |
|---|---|---|
| ૧ | રજિસ્ટ્રેશન | તા.૧૫/૦૭/૨૦૧૯ થી ૧૫/૦૮/૨૦૧૯ |
| ૨ | શાળા/ગ્રામ્યકક્ષા સ્પર્ધા | તા.૨૮/૦૮/૨૦૧૯ થી ૩૧/૦૮/૨૦૧૯ |
| ૩ | તાલુકાકક્ષા સ્પર્ધા | તા.૦૧/૦૯/૨૦૧૯ થી ૦૮/૦૯/૨૦૧૯ |
| ૪ | જીલ્લા/મહાનગરપાલિકાકક્ષા સ્પર્ધા | તા.૦૯/૦૯/૨૦૧૯ થી તા.૨૦/૦૯/૨૦૧૯ |
| ૫ | રાજયકક્ષા સ્પર્ધા | ઓક્ટોમ્બર-નવેમ્બર-૨૦૧૯ |

નોંધ:- સ્પર્ધા અંગેનો કાર્યક્રમ સંભવિત દર્શાવેલ છે. સ્થાનિક સમય, સંજોગો અને પરીસ્થિતિને ધ્યાને લઈ તારીખ અને સ્થળ અમલીકરણ સમિતિ દ્વારા નક્કી કરવાનો રહેશે.

૯. પોલીસ બંદોબસ્ત

(ક) તાલુકા/જિલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધા દરમ્યાન મેદાન તેમજ નિવાસ સ્થાન ઉપર જરૂરીયાત મુજબ પોલીસ બંદોબસ્ત ગોઠવવા જિલ્લા પોલીસ અધિક્ષકના પરામર્શમાં રહી યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

Scanned by CamScanner

૭. ચેસ

અં-૧૪ અને અં-૧૭ વયજુથમાં જિલ્લામાંથી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ૫ ખેલાડીઓની ટીમ મોકલવાની રહેશે. (SGFIના નિયમો મુજબ)

૮. યોગાસન

(ક) ૪૦ વર્ષથી ઉપરના અને ૬૦ વર્ષથી ઉપરનામાં નિયત કરેલ ૫ આસનો ફરજીયાત કરવાના રહેશે.

(ખ) રાજયકક્ષાએ બેસ્ટ ઓફ ધી બેસ્ટ રમાશે.

(ગ) બે ઈવેન્ટમાં ભાગ લેવા માટે વ્યક્તિગત યોગા ચેમ્પિયનશીપ ઈવેન્ટ ફરજીયાત રમવાની રહેશે.

(ઘ) અં-૧૪, અં-૧૭ અને ઓપન એજ વયજુથમાં નીચે મુજબ જિલ્લાકક્ષાએથી રાજયકક્ષાએ ખેલાડીઓ ભાગ લેશે.

| | |
|---|---|
| વ્યક્તિગત યોગ ચેમ્પિયનશીપ | પ્રથમ, દ્રિતિય અને તૃતિય |
| આર્ટિસ્ટિક (ટ્રેડિશનલ) યોગ ચેમ્પિયનશીપ | પ્રથમ, દ્રિતિય |
| રીધમિક યોગ ચેમ્પિયનશીપ | પ્રથમ, દ્રિતિય |

૯. જીમ્નાસ્ટીક્સ

(ક) ખેલાડી કોઈ પણ બે ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.

(ખ) SGFIના નિયમ પ્રમાણે ભાઈઓએ ૬ (છ) પેટા રમત અને બહેનોએ ૪ (ચાર) પેટા રમતમાં ભાગ લેવાનો રહેશે.

૧૦. રાઈફલ શુટીંગ

(ક) રાઈફલ અને ટ્રેપ અથવા પીસ્તોલ અને ટ્રેપમાં બંનેમાંથી ગમે તે એક ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.

(ખ) શુટીંગ સ્પર્ધામાં સ્પર્ધકોએ શુટીંગ માટે પોતાની રાયફલ/પીસ્તોલ લાવવાની રહેશે.

(ગ) બધી જ સ્પર્ધાઓ ઈન્ટરનેશન શુટીંગ સ્પોર્ટ્સ ફેડરેશન/ SGFI/ISSFના નિયમો મુજબ યોજાશે.

(ઘ) ઓપન એજ ગૃપમાં ૧૭ વર્ષથી ઉપર કોઈ પણ ખેલાડી ભાગ લઈ શકશે.

૧૧. ઘોડેસવારી

(ક) સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીએ સ્પર્ધાના સ્થળે પોતાની રીતે આવવાનું રહેશે. નિવાસ, ભોજન અને ઘોડાની સુવિધા સ્વ.ખર્ચ/એસોસીએશનએ કરવાની રહેશે, જ્યારે સ્પર્ધામાં વિજેતાને રોકડ પુરસ્કાર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આપવાના રહેશે.

(ખ) સ્પર્ધાનું મેદાન અને ટેકનિકલ સ્ટાફ એસોસીએશનએ નિયમ અનુસાર વ્યવસ્થા કરવાની રહેશે.

૧૨. કરાટે અને શુટીંગબોલ : સીધી જિલ્લાકક્ષાએથી શરૂ કરવાની રહેશે.



Scanned by CamScanner

૧૩. બ્રીજ :

(ક) સીધી રાજ્યકક્ષાએથી શરૂ કરવાની રહેશે

(ખ) સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીએ સ્પર્ધાના સ્થળે પોતાની રીતે આવવાનું રહેશે.

(ગ) સ્પર્ધાની સુવિધા માટે અને ટેકનિકલ સ્ટાફ એસોસીએશનએ નિયમ અનુસાર સ્પોર્ટ્સ ઓથોરીટી ઓગ ગુજરાતનાં પરામર્શમાં રહીને વ્યવસ્થા કરવાની રહેશે.

૧૪. રજિસ્ટ્રેશન કરતી વખતે જેતે ખેલાડીએ જન્મ તારીખ સાચી દર્શાવવાની રહેશે. જન્મ તારીખ ખોટી દર્શાવી રજિસ્ટ્રેશન થયેલ હશે તો તે ખેલાડી ખેલ મહાકુંભની સ્પર્ધામાં ૩ વર્ષ સુધી ભાગ લઈ શકશે નહી.

૧૫. ખેલાડી ગુજરાત રાજયનો જન્મથી વતની હોવો જોઈએ અથવા ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષથી અભ્યાસ/ નોકરી/વ્યવસાય/ નિવાસ કરતા હોવો જોઈએ. જેના આધાર પ્રમાંણપત્ર રજુ કરવાનાં રહેશે.

૧૬. જે ખેલાડી જે જિલ્લામાં ભાગ લે તે જિલ્લામાં નિવાસ/વ્યવસાય છેલ્લા ૬ માસથી કરતો હોવો જોઈએ તેમજ તેના આધાર-પુરાવા કે પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.

૧૭. શાળામાં/કોલેજમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ જ્યાં અભ્યાસ કરતાં હોય તે તાલુકા/જિલ્લામાંથી ભાગ લઈ શકશે.

૧૮. કર્મચારીના કિસ્સામાં અન્ય રાજયમાંથી બદલી/ડેપ્યુટેશનથી આવેલ કર્મચારીએ રજિસ્ટ્રેશનની તારીખે ઓછામાં ઓછા છ માસ પહેલા બદલી થઈને ગુજરાતમાં જે તે જિલ્લામાં આવેલ હોય તો જ ભાગ લઈ શકશે.

૧૯. સ્પર્ધા દરમ્યાન કોઈ પણ પ્રકારનો વિવાદ કે વાંધો હોય તો ખેલાડીએ લેખિતમાં રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) ની પ્રોટેસ્ટ ફી સાથે અડધા કલાકની અંદર જિલ્લા આયોજન કમિટી સમક્ષ પ્રોટેસ્ટ રજુ કરવાનો રહેશે. જિલ્લા આયોજન કમિટિનો નિર્ણય આખરી અને સર્વેને માન્ય અને બંધન કર્તા રહેશે.

૨૦. ખેલ મહાકુંભની સ્પર્ધા સિવાયના કોઈપણ અકસ્માત કે અન્ય બાબતોથી ખેલાડીને ઈજા કે અન્ય ઘટનાથી ખેલાડીને શારીરિક કે માનસિક નુકસાન થાય તે માટે સરકારશ્રીની કોઈ પણ જવાબદારી રહેશે નહી.

૨૧. કોર્પોરેશન તથા જિલ્લાકક્ષાની સ્પર્ધાના ખેલાડીઓની બોનાફાઈડ/એલીજીબીલીટીમાં ફોટા ફરજીયાત ચોંટાડેલા હોવા જોઈએ.

## (૩) નાણાંકિય બાબતો.

૧. ખેલાડીઓને ચૂકવવાપાત્ર પ્રવાસ ખર્ચ તેમજ વ્યવસ્થાપકો, ટેકનિકલ ઓફિસિયલ્સ, રેફરીને ચૂકવવાપાત્ર માનદ વેતન DBT/RTGS થી ચૂકવવાના રહેશે. રૂ.૫૦૦/-થી ઉપરનું તમામ ચુકવણું RTGS થી કરવાનું રહેશે.

૨. આ યોજના હેઠળ ફાળવવામાં આવનાર અનુદાનનો ખર્ચ સંપૂર્ણ પણે સરકારશ્રીએ નિયત કરેલ નિયમો અને કાર્યપધ્ધતિને અનુસરીને કરવાનો રહેશે.

૩. આ કાર્યક્રમના આયોજન બાબતે કરવાના થતા ખર્ચ અંગે આ પરિપત્રમાં જણાવેલ નાણાંકિય મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.



Scanned by CamScanner

૪. ખેલ મહાકુંભના આયોજન-સંચાલન અંગે ફાળવેલ અનુદાન તે અંગેના બેંક ખાતામાં જ જમા કરાવવાનું રહેશે. તેમજ આ ખાતામાં ખેલ મહાકુંભ સિવાયની કોઈ રકમ કે અનુદાન જમા કરાવી શકાશે નહી. તેમજ આ મુજબના બેંક ખાતાની સિલકનું દર માસે મેળવણું કરી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની કચેરીને મોકલી આપવાનો રહેશે.

૫. ખેલ મહાકુંભના આયોજન માટે ફાળવેલ અનુદાનમાંથી કરવામાં આવનાર ખર્ચ અંગેના હિસાબો અલગથી નિભાવવાના રહેશે તથા તે અંગેનું માસિક ખર્ચ પત્રક નિયત ફોર્મેટમાં તરત પછીના માસની ૧૦ મી તારીખે સુધીમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની કચેરીને મોકલી આપવાના રહેશે.

૬. આ યોજના હેઠળ ફાળવેલ અનુદાનના ખર્ચના તમામ વાઉચર્સ જિલ્લા રમતગમત અધિકારીએ પ્રમાણિત કરી તેની સંબંધિત રજીસ્ટર્સમાં નોંધ કરી નિયમાનુસાર જાળવવાના રહેશે.

૭. રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૮. ખેલ મહાકુંભ અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. ખેલ મહાકુંભના ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૦. ખેલ મહાકુંભ અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૧. ખેલ મહાકુંભ યોજના હેઠળ ફાળવેલ અનુદાનમાંથી કરેલ ખર્ચના હિસાબો સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા અધિકૃત કરેલ અધિકારી અથવા તો ઓડીટર ચકાસી શકશે તથા આ દરમિયાન જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ તે અંગેના તમામ રેકર્ડસ તથા પ્રમાણિત વાઉચર્સ ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

૧૨. આ યોજના હેઠળ ફાળવેલ અનુદાન અંગેના ખર્ચની સંપૂર્ણ વિગતો ખેલ મહાકુંભની કામગીરી પૂર્ણ થયેથી દિન-૧૫માં પ્રમાણિત કરી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની કચેરીને મોકલી આપવાનો રહેશે તથા જો કોઈ બચત રકમ રહેવા પામેલ હોય તો તે તાત્કાલિક સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની કચેરી ખાતે જમા કરાવવાની રહેશે.

૧૩. ખેલ મહાકુંભના ફોટોગ્રાફ -વિડ્યોગ્રાફીની સીડી સાથે સ્પર્ધાઓ પૂર્ણ થયે ૧૫ દિવસમાં મોકલી આપવાનો રહેશે.

૧૪. ખેલ મહાકુંભના ધારાધોરણ મુજબ માનદ વેતન, પ્રવાસ ખર્ચ, નિવાસ, ભોજન, રોકડ પુરસ્કાર, તેમજ આનુષાંગિક તમામ ખર્ચ કરવાનો રહેશે. રાજયકક્ષાની સ્પર્ધામાં નિયત થયેલ વ્યવસ્થાપક, ટેકનિકલ ઓફિસિયલ્સ મર્યાદામાં જ સેવાઓ મેળવવાની રહેશે. અન્યથા ખર્ચ અમાન્ય થશે.

Scanned by CamScanner

ખેલ મહાકુંભ એ સરકારશ્રીનાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ફ્લેગશીપ કાર્યક્રમ હોઈ તેને સફળ બનાવવા અસરકારક આયોજન અને અમલીકરણ કરવા આ પરિપત્રની સૂચનાનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

(રમેશ ચંદ મીના)
ડાયરેક્ટર જનરલ
સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂં</u>

(૧) અંગત સચિવશ્રી,
માન.મંત્રીશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સરકાર, ગાંધીનગર

(૨) અંગત સચિવ
માન.સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

(૧) ક્લેક્ટરશ્રી, તમામ
(૨) મ્યુ.કમિશ્નરશ્રી, તમામ,
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
(૪) વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટી, ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
(૬) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૭) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, ગાંધીનગર
(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૨૯૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૦૨/૦૮/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner